નં.ડીએમ/વિ.સ. ચૂંટણી/૦૪-૨/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૦૫/૧૧/૨૦૨૨

સંદર્ભ :-

(૧) આ કચેરીના આદેશ નં.મેજી/૪૨૬ તા.૧૧/૧૨/૭૦
(૨) આ કચેરીના આદેશ નં.મકજ/૪૨૫/એ તા.૩૦/૦૧/૭૧
(૩) આ કચેરીના આદેશ નં.પ્રકજ/૭૩/૧ તા.૨૮/૬/૭૩
(૪) આ કચેરીના આદેશ નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૪/૨૦૨૨, તા.૦૩/૧૧/૨૦૨૨

**સુધારા આદેશ :-**

આ કચેરીના સંદર્ભ ૧ થી ૩ માં દર્શાવેલ હુકમોથી સરઘસો કાઢવા અને સભાઓ યોજવા અંગે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ ઈન્સ્પેકટરશ્રી અને પોલીસ સબ ઈન્સપેકટરશ્રીને આપવામાં આવેલ જે આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમ્યાન ઉમેદવારો તરફથી સભાઓ યોજવા અને સરઘસો કાઢવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓ આપવા સંદર્ભ-(૪) ના હુકમથી સભા સરઘસ નિયમોના નિયમ ૧ અને ૮ હેઠળ અધિકારો આપવામાં આવેલ છે.

હાલ, સરઘસ કાઢવા તથા સભા ભરવાની પરવાનગીઓ આપવા અત્રેની કચેરીના તા.૦૫/૧૧/૨૦૨૨ ના સુધારા હુકમથી સિંગલ વિન્ડો ખાતાના નોડલ ઓફીસરમાં ફેરફાર કરવામાં આવેલ છે. જેથી <u>સરઘસ કાઢવા, સભા ભરવાની પરવાનગી આપવા</u> સભા સરઘસ નિયમોના નિયમ ૧ અને ૮ હેઠળ અધિકારો નીચે મુજબ આપવા સુધારા હુકમ કરવામાં આવે છે તથા સંદર્ભ-(૪) ના હુકમની અન્વયે વિગતો યથાવત રહેશે.

| ક્રમ | વિસ્તાર | અધિકારો આપેલ અધિકારીનો હોદ્દો |
|---|---|---|
| ૧ | જામનગર જિલ્લાના એકથી વધારે વિધાનસભા મતદાર વિભાગના વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | શ્રી જે.સી. ગોહિલ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી,જામનગર |
| ૨ | ૭૯-જામનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | મામલતદારશ્રી, જામનગર (શહેર) |

સભા, સરઘસની પરવાનગી સરકારશ્રીના ગૃહ વિભાગની તથા રાજયના ચૂંટણી આયોગની વખતો-વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ

પરવાનગીની નકલ અત્રેને તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને તુરંત મોકલવાની રહેશે.

(ડૉ. સૌરભ પારધી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
(૧) જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, જામનગર
(૨) મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર (શહેર)
(૩) મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર
(૪) મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), કલેકટર કચેરી, જામનગર

નકલ રવાના :-
૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ........................(તમામ)
૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.
૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)
૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)
૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
૯. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર શહેર વિભાગ/ગ્રામ્ય વિભાગ
૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ
૧૧. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિક્કા/જામજોધપુર/શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પો.સ્ટે., જી.જામનગર
૧૨. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.
૧૩. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,જામનગર )(વધારાની ૭ નકલો સાથે)
૧૪. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર
.... ઉકત હુકમને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૧૫. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર
૧૬. સિલેકટ ફાઈલ